ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર (૦૭૯) ૨૩૨ ૫૮૬૫૯
વેબ સાઈટ - https://gujrera.gujarat.gov.in

ક્રમાંક:ગુજરેરા/હુકમ- ૨૮ તા.૨૨/૦૮/૨૦૧૯

# હુકમ-૨૮

ગુજરાત રાજ્યમાં પ્રવર્તમાન **CGDCR** મુજબ સ્થાનીક સતામંડળો દ્વારા મંજૂર થતાં બાંધકામ ના પ્લાનમાં ડ્રેનેજની સવલતો બતાવી પ્લાનની મંજૂરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

નામદાર સરકારશ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પત્ર:- પરચ-૧૦૨૦૧૯- ૨૬૯૦- લ તા.૧૭/૦૬/૨૦૧૯ મુજબ **CGDCR** ના પાર્ટ – ૩ ના રેગ્યુલેશન નં- ૧૩.૧૦ તથા નેશનલ બિલ્ડીંગ કોડ ( **IS 2470**) મુજબ ડ્રેનેજ /સુએઝ નેટવર્ક ( ડ્રેનેજ , સુએઝ લાઇન , મેન હોલ, કેચપીટ, સેપ્ટીક ટેંક , સોકવેલ) વગેરેના લોકેશન તથા **CGDCR** ના શીડ્યુલ – ૨(એ)(૨) તથા શીડ્યુલ – ૧૭ મુજબની વિગતો પ્લાનમાં દર્શાવવી તથા તેના ક્રોસ સેકશન સાથેની વિગતોની ડીટેઇલ દર્શાવડાવીને સદરહું જોગવાઇઓનું તમામ સતામંડળોએ અમલીકરણ કરવાનું રહે છે. ત્યારબાદ જ પ્રોજેકટના બાંધકામના પ્લાન મંજુર કરવા જરૂરી છે.

તેમ છતાં કેટલીક ઓથોરીટી દ્વારા લે- આઉટ પ્લાનમાં **CGDCR** ની ઉપરોકત જોગવાઇ અનુસાર જરૂરી ડ્રેનેજ નેટવર્ક /સુએઝ નેટવર્ક ( ડ્રેનેજ , સુએઝ લાઇન , સેપ્ટીક ટેંક , મેન હોલ, સોકવેલ) વગેરેની ડીટેઇલ દર્શાવ્યા સિવાય પ્લાન મંજુર કરવામાં આવતા હોવાનું ધ્યાનમાં આવેલ છે. તેવા કેસોમાં હાલ પ્રમોટરનું ડ્રેનેજ/ સુએઝ બાબતનું એફીડેવીટ તથા આર્કીટેકટ , એન્જીનીયર અને પ્રમોટરની સહી સાથે ડ્રેનેજ લે-આઉટ રજુ થયેથી અત્રેથી રેરા રજીસ્ટ્રેશન આપવામાં આવે છે.

પરંતુ હવે પછી તા. ૧૫/૦૯/૨૦૧૯ કે તે પછી રેરા રજીસ્ટ્રેશન માટે રજુ થતા તમામ કેસો જેવાકે પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન, પ્રોજેક્ટ ઓલ્ટરેશન માં સક્ષમ ઓથોરીટી દ્વારા મંજુર કરવામાં આવેલ લે-આઉટ પ્લાનમાં **CGDCR** તથા બિલ્ડીંગ કોડ ( **IS 2470**) મુજબ ડ્રેનેજ /સુએઝ નેટવર્ક ( ડ્રેનેજ, સુએઝ લાઇન, મેન હોલ, કેચપીટ, સેપ્ટીક ટેંક , સોકવેલ) વગેરેના લોકેશન તથા ક્રોસ સેકશન સાથેની વિગતો દર્શાવેલ હશે તેવા કેસોમાં જ રેરા રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચેરમેન
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,
ગાંધીનગર

**પરચ-૧૦૨૦૧૯-૨૬૯૦-લ**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**
**ગુજરાત સરકાર**
બ્લોક નં. ૧૪, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 17 JUN 2019

પ્રતિ,
**અધ્યક્ષશ્રી,**
**રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,**
ગાંધીનગર.

**વિષય :-** સેપ્ટીક ટેન્ક, સોકપીટ માટે સી.જી.ડી.સી.આર.ની જોગવાઇઓનું પાલન કરાવવા બાબત.

**સંદર્ભ :-** આપના તા.૧૫/૦૬/૨૦૧૯ના પત્ર ક્રમાંક: GujRERA/CH/08/2019

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભ હેઠળના પત્ર અન્વયે જણાવવાનું કે મંજૂર/અમલી સી.જી.ડી.સી.આર.માં વેસ્ટ વોટર અને સુએજ માટે સી.જી.ડી.સી.આર.ના પાર્ટ-૩ ના રેગ્યુલેશન નં.૧૩.૧૦ની જોગવાઇ મુજબ જ્યાં ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ નથી તેવી જગાએ વિકાસ પરવાનગી આપતી વખતે સુએજ અને વેસ્ટ વોટરના નિકાલ માટે સેપ્ટીક ટેન્ક, સોકપીટ અથવા સોકવેલની જોગવાઇ માલિક દ્વારા કરવાની રહે છે. સી.જી.ડી.સી.આર.ના પાર્ટ-૧ ના શેડ્યુલ ૧૭ની જોગવાઇ મુજબ ૧૦૦ કે તેથી વધારે રહેણાંકના એકમોમાં જ્યાં ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ ન હોય ત્યાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવી શુદ્ધ થયેલુ પાણી બગીચા અને પ્લાન્ટેશન માટે ઉપયોગમાં લેવાનું રહેશે. સદરહુ જોગવાઇઓનું તમામ સત્તામંડળોએ અમલીકરણ કરવાનું રહે છે.

સદરહુ જોગવાઇઓનું પાલન થતું ન હોય તો આપશ્રીની કક્ષાએથી રેરાના કાયદા હેઠળ યોગ્ય પગલાં લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**(વી.ડી.વાઘેલા)**
ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ